# કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી-પોરબંદર

જિલ્લા સેવા સદન-૧, પ્રથમ માળ, રૂમ નં.૧૧૨, એરપોર્ટ સામે, પોરબંદર.

ફોન નં.૦૨૮૬૨૨૨૦૮૦૦ ફેક્સ નં.૨૨૨૦૮૦૧,

Email:-collectorpbradm1@gmail.com, Web Site:-https://collectorporbandar.gujarat.gov.in


## પ્રેસનોટ ( તારીખ:-૦૩/૦૫/૨૦૨૦, ૧૬-૦૦ કલાક)

➢ **જાહેર જનતાને સરકારશ્રી વતી કલેક્ટરશ્રી, પોરબંદર દ્વારા ખાસ અપીલ**

ભારત સરકારશ્રી દ્વારા લોન્ચ કરવામાં આવેલ આરોગ્ય સેતુ એપ (Arogya Setu App) એવુ સુરક્ષા કવચ છે કે, જો કોરોનાગ્રસ્ત વ્યક્તિ તમારી નજીક પણ આવશે તો તરત જ તમારા મોબાઈલમાં બીપ-બીપ અવાજ આવશે અને તમને સચેત કરી દેશે જેથી કોરોના વાયરસના સંક્રમણથી બચી જશો. જેથી સર્વે જાહેર જનતાને ખાસ અપીલ છે કે, આ એપ્લીકેશન ડાઉનલોડ કરીએ દેશને જાગૃત બનાવીએ.

➢ જાહેર જગ્યાએ માસ્ક ન પહેરવા બદલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદરના હુકમનો ભંગ કરવા સબબ Indian Penal Code ની કલમ ૧૮૮ તળે તથા Epidemic Diseases Act, 1897ને આધિન **તા.૨૭ થી ૦૩/૦૫/૨૦૨૦ સુધીમાં કુલ-૬૨,૪૫૦/-રૂપિયાનો દંડ વસૂલ કરવામાં** આવેલ છે. જેની નગરપાલીકા વાઈઝ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | નગરપાલિકાનું નામ | અત્યાર સુધી વસૂલ કરેલ દંડની રકમ | અત્યાર સુધી દંડ વસૂલ કરેલ વ્યક્તિઓની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 6 | 7 |
| 1 | પોરબંદર | પોરબંદર | ૫૧,૪૫૦ | ૨૫૬ |
| 2 | | છાંયા | 3,૪૦૦ | ૧૭ |
| 3 | | રાણાવાવ | ૭,૪૦૦ | ૩૭ |
| 4 | | કુતિયાણા | ૨૦૦ | ૧ |
| | | **Total** | ૬૨,૪૫૦ | ૩૧૧ |

➢ પોરબંદર જિલ્લામાં જુદી-જુદી કુલ-**૧૦૪ એન.જી.ઓ./સ્વૈચ્છિક સંસ્થાઓ** દ્વારા ઘરવિહોણા અને અનાથ જેવા વ્યક્તિઓ માટે આજ દિન સુધી **કુલ-૭,૭૬,૫૫૦ વિવિધ પ્રકારના ફૂડસ પૅકેટની** વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ અંગે પોરબંદર જિલ્લામાં ફૂડ્સ પૅકેટ્સની મદદ કરવા માંગતી **એન.જી.ઓ./સ્વૈચ્છિક સંસ્થાઓએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પોરબંદર શ્રી કે.વી.મિયાણી(મો.નં.-૯૪૨૭૧૪૭૬૭૬)** નો સંપર્ક કરવાનો રહેશે.

➢ પોરબંદર જિલ્લા ખાતે કુલ-૯(નવ) ક્વોરન્ટાઈન સ્થળ ખાતે ફેસીલીટી નક્કી કરવામાં આવેલ છે.

➢ હાલમાં **જિલ્લા ક્વૉરેન્ટાઈન** ખાતે કુલ-**૭૮૨ વ્યક્તિ** રાખવામાં આવેલ જે પૈકી **૬૯૬ વ્યક્તિઓને ડિસ્ચાર્જ** કરેલ છે અને હાલ **૮૬ વ્યક્તિઓ ચકાસણી હેઠળ** છે.

➢ હોમ ક્વોરન્ટાઈનમાં **કુલ-૨૦૨૬ વ્યક્તિઓ** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ હતા **જે પૈકી ૧૨૩૧ વ્યક્તિઓનું હોમ ક્વોરન્ટાઈન પૂર્ણ થઈ ગયેલ છે.**

➢ વ્યક્તિઓની ચકાસણી માટે ડોર ટૂ ડોર સર્વે કરવાનો પ્રથમ રાઉન્ડ તા.૦૬/૦૪/૨૦૨૦ ના રોજ **પુર્ણ થયેલ છે, જેમાં ૧,૩૮,૩૩૨ ઘર (૬,૨૧,૫૫૦ વ્યક્તિઓ)નો** સર્વે કરવામાં આવેલ છે. જ્યારે બીજા રાઉન્ડમાં **૬,૦૫,૩૬૩ વ્યક્તિઓનો** સર્વે કરવામાં આવેલ છે.



Scanned with CamScanner

➢ હાલ સુધીમાં શંકાસ્પદ વ્યક્તિઓના લેવામાં આવેલ **કુલ-૮૭૯ સેમ્પલ નેગેટીવ અને ત્રણ(૩) સેમ્પલ પોઝીટીવ આવેલ**. જે ત્રણેય પોઝીટીવ આવેલ વ્યક્તિઓને રીકવરી આવતાં તેઓને હોસ્પિટલથી વિદાય આપવામાં આવી છે. હાલમાં સીવીલ હોસ્પિટલ, ગ્લોબલ હોસ્પિટલ અને મોરારજી ખેરાજ ઠકરાર ઓર્થોપેડીક હોસ્પીટલ, પોરબંદર ખાતે એમ **કુલ-૩ સ્થળ પર આઈસોલેશન સ્થળ** તરીકે જાહેર કરવામાં આવેલ છે.

➢ અત્યાર સુધીમાં જિલ્લામાં આવેલ જુદા-જુદા એન્ટ્રી પોઈન્ટ ઉપરથી કુલ ૪૪,૫૫૫ વ્યક્તિઓની સ્ક્રીનીંગ ચકાસણી કરવામાં આવેલ છે.

➢ બોટ કવોરન્ટાઇનમાં કુલ **૧૪૭ વ્યક્તિ** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ છે.

➢ સેલ્ફ કવોરન્ટાઇનમાં કુલ **૯૭ વ્યક્તિ** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ છે.

**(રાજેશ એમ. તન્ના)**
**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ**
**જિલ્લો પોરબંદર**

**પ્રતિ,**
સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, જિલ્લા સેવા સદન-૨, પોરબંદર.

D:\DGSalvi\ADM-1\Corona\Press Note\Note\03-05-2020.docx

Scanned with CamScanner